# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

78 78 5 91 0 92 પર GK લખી વોટ્સેપ પર સેન્ડ કરો. www.edusafar.com

## Current affairs 31(1) સામાન્ય જ્ઞાન 21/3/16

૧) કોલકાતાના ઈડન ગાર્ડન ખાતે યોજાયેલી ટી–20 વર્લ્ડકપ મેચમાં ભારતે પાકિસ્તાનને પરાજય આપી ટી–20 વર્લ્ડકપમાં પાંચમી વખત જીત મેળવેલ છે.

૨) તમિલનાડુમાં નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓશનોગ્રાફીની એક ટીમને મમલ્લાપૂરમનાં કિનારે 1500 વર્ષ જુનું દરિયામાં ડૂબેલું શહેર મળી આવ્યું છે.

૩) દિલ્હીમાં યોજાયેલ કૃષિમેળામાં દેશના વડાપ્રધાન દ્વારા કિસાન સુવિધા એપનું લોન્ચિંગ કરવામાં આવેલ છે.

૪) નાનકડા ડોંગલથી દૂરદર્શનની પાંચ ચેનલો દેશના 16 શહેરોમાં દેખાશે તેમાં અમદાવાદનો સમાવેશ કરવામાં આવ્યો છે, આ માટે નેટ કનેક્શન જરૂરી નથી.

૫) આગામી 1 એપ્રિલથી ગુજરાત સરકાર લોક સંવાદ સેતુ કાર્યક્રમને લઈને લોકોની વચ્ચે જશે અને લોક પ્રશ્નોનું નિરાકરણ લાવવાની કવાયત હાથ ધરવામાં આવશે.

૬) પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ કે.કે.આર. યુરોપના એરોસ્પેસ ગ્રુપનો ડીફેન્સ ઈલેક્ટ્રોનિક્સ યુનિટ 1.2 અબજ ડોલરમાં ખરીદશે.

૭) સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા નેશનલ ચેમ્પિયનશીપ 2015, ગત 25 થી 29 એપ્રિલ 2015 દરમિયાન સેલમ તમિલનાડુ ખાતે યોજાઈ હતી.

૮) 20 માર્ચ 1990 ના રોજ નામિબિયા દેશને 75 વર્ષના દક્ષિણ આફ્રિકાના શાસનમાંથી આઝાદી મળી હતી, નામીબીયાનું પાટનગર વિન્ડહાક છે.

૯) NISA નું પુરુનામ નેશનલ ઈન્ડીપેન્ડન્ટ સ્કુલ્સ એલાયન્સ થાય છે.

૧૦) RTE એક્ટ પર વર્ષ 2014–15 માટે આવેલા રીપોર્ટ અનુસાર દેશભરમાં ફક્ત 21 ટકા

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

શાળાઓએ જ આ કાયદા અંતર્ગત બાળકોને પોતાની શાળામાં એડમીશન આપ્યું છે.

૧૧) 20 માર્ચ સમગ્ર વિશ્વમાં વર્લ્ડ હેપીનેસ ડે તરીકે ઉજવવામાં આવે છે.

૧૨) સયુંકત રાષ્ટ્ર સંઘે 16 માર્ચ 2016 ના રોજ 157 દેશોનો હેપ્પીનેસ રીપોર્ટ જાહેર કરેલ છે, તેમાં ભારત 118 માં સ્થાને રહેવા પામેલ છે.

૧૩) વિશ્વ હેપ્પીનેસ રીપોર્ટ 2016 માં સૌથી વધારે સુખી દેશ સ્વીત્ઝરલૅન્ડના સ્થાને ડેન્માર્ક આવેલ છે.

૧૪) વર્ષ 1972 માં ભૂતાનના સમ્રાટ જિગ્મે સિગયે વાંગચુકે જી.ડી.પી.ના સ્થાને ગ્રોસ હેપ્પીનેસ ઈન્ડેક્સ લાગુ કર્યો છે.

૧૫) ચેન (જીપ)માં YKK લખાયેલ જોવા મળે છે તેનું પુરુનામ યોશીદા કોગ્યો કાબુશીકીકાઈશા છે, વર્ષ 1934 થી આ કંપનીની સ્થાપના કરવામાં આવેલ છે.

૧૬) ઝીપ બનાવવાની સૌથી વધારે ફેકટરીઓ જ્યોર્જિયામાં આવેલ છે.

૧૭) હોલેન્ડ સાથે મળીને કેરલ સરકાર જૈવિક દૂધ ઉત્પાદન કરશે, આ માટે પશુઓને નિરણમાં સિન્થેટીક ચારો અને અથવા કોઈપણ પ્રકારના એન્ટીબાયોટીક વાપરવામાં આવશે નહિ.

૧૮) વિયેતનામમાં પ્રથમ પરમાણું વીજળી એકમનું સંચાલન 2028 માં શરુ કરવામાં આવશે.

૧૯) 17 માર્ચ 2016 ના રોજ એયર એશિયા ઈન્ડિયાએ અમર એબ્રોલને મુખ્ય કાર્યકારી અધિકારીના રૂપમાં નિયુક્ત કરેલ છે.

૨૦) ભારતીય મૂળના અમેરિકી માધવન રંગાસ્વામી અને ચીનના સમાજસેવક નૌવહન કારોબારના ડો.જેમ્સ એસ સી ચાઓને અમેરિકી એશીયાઇ પુરસ્કારથી સન્માનવામાં આવ્યા છે.

## Current affairs 32(1) સામાન્ય જ્ઞાન 22/3/16

૧) હવેથી ટ્રેન ક્યાં પ્લેટફોર્મ પર આવશે તે જાણવા માટે 139 નંબર પર મેસેજ કરવાથી માહિતી પ્રાપ્ત થઇ શકશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૨) બેંગલુરુમાં 2000 વીણા કલાકારોએ નંદોત્સવની ઉજવણી કરી હતી, આ કાર્યક્રમ પાંચ દિવસ ચાલનાર છે.

૩) દેશમાં જાન્યુઆરી 2016 ના રોજ મંજુર કરેલ આઈ.પી.એસ.અધિકારીઓની સંખ્યા 4802 છે, તેની સામે 908 જગ્યાઓ ખાલી છે.

૪) દેશના સૌથી વધારે વસતિ વાળા ઉત્તરપ્રદેશ રાજ્યમાં 517 પી.એસ.આઈ.ની જગ્યાઓ મંજુર કરવામાં આવી છે, તેની સામે 114 જગ્યાઓ ત્યાં પણ ભરવાની બાકી છે.

૫) ભારતના એસ.એસ.પી.ચૌરસિયાએ પ્રથમવાર ઈન્ડિયન ઓપન ગોલ્ફ ચેમ્પીયનશીપ જીતી લીધેલ છે.

૬) જીમ્નાસ્ટ લેટિનાના મહિલાઓમાં સૌથી વધારે ઓલિમ્પિક મેડલ્સ (18) જીતનાર બનેલ છે.

૭) 22 માર્ચ 2016 ના રોજ ગુલામઅલી ગુજરાતમાં એવોર્ડ સમારોહમાં પ્રસ્તુતિ આપશે.

૮) 23 માર્ચ 2016 ના રોજ દેશભરમાં શહીદદિનની ઉજવણી કરવામાં આવશે.

૯) 24 માર્ચ 2016 ના રોજ વર્લ્ડ ટી.બી.દિન નિમિતે દુનિયાભરમાં જાગરૂકતા લાવવા માટે કાર્યક્રમો યોજાશે.

૧૦) 21 માર્ચ 1935 ના રોજ ફારસી વાળા ફારસ દેશનું નામ બદલીને ઈરાન રાખવામાં આવ્યું હતું.

૧૧) સયુંકત રાષ્ટ્રસંઘ દ્વારા વર્ષ 1971 માં 21 માર્ચને વિશ્વ વન દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું હતું.

૧૨) ઈન્કમ ટેક્સ બીઝનેસ એપ્લીકેશન પરમેનેન્ટ અકાઉન્ટ નંબર નામનું એક મહત્વનું ઈલેક્ટ્રોનિક સ્માર્ટ પ્લેટફોર્મને આવકવેરા વિભાગ દ્વારા કાર્યન્વીન્ત કરવામાં આવેલ છે, તેનાથી પાનકાર્ડનું ડુપ્લિકેશન થતું અટકશે.

૧૩) 21 માર્ચથી પાલીતાણામાં શેત્રુંજય ઉત્સવનું આયોજન થયેલ છે, આ ઉત્સવ ત્રણ દિવસ ચાલનાર છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૧૪) પાકીસ્તાનના સિંધ પ્રાંતમાં હોળીની સાર્વજનિક રજા 24 માર્ચના રોજ જાહેર કરવામાં આવેલ છે, આના પહેલા માત્ર હિંદુ સમુદાયના લોકોને જ આ રજા આપવામાં આવતી હતી.

૧૫) આંધ્રપ્રદેશ સરકારે માત્ર 149 રૂપિયામાં 15 mbps બ્રોડબેન્ડ કનેક્શન આપવાની શરૂઆત કરેલ છે.

૧૬) આગામી જુલાઈ 2016 થી આંધ્રપ્રદેશ રાજ્યમાં તમામ જગ્યાએ સસ્તા ઈન્ટરનેટની સુવિધા લાગુ કરી દેવામાં આવશે.

૧૭) ભારતીય કંપની સ્વિજેરી લેબોરેટરીમાં બનેલ ટી.બી.ની દવાઓના પરીક્ષણને વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા સસ્પેન્ડ કરી દીધેલ છે.

૧૮) દેશની સૌથી મોટી મોબાઈલ સેવા પ્રદાન કરતી કંપની એરટેલે વિડીયોકોન ટેલીકોમ્યુનીકેશનના 6 રાજ્યોના સ્પેક્ટમને ખરીદી લીધેલ છે.

૧૯) હાલ દેશમાં 52 ઈન્સ્યોરન્સ કંપનીઓ કાર્યરત છે, તેમાંથી 28 લાઈફ ઈન્સ્યોરન્સ સેક્ટરમાં અને 28 જનરલ ઈન્સ્યોરન્સ સેક્ટરમાં કાર્યરત છે.

૨૦) દેશમા ઈન્સ્યોરન્સ સેક્ટરને વધારવા માટે વિદેશી રોકાણકારોને સરકાર દ્વારા લીલી ઝંડી આપી દેવામાં આવી છે, તેમાં ઓટોમેટીક રૂટથી 49 ટકા સુધી FDI ને મંજુરી આપવામાં આવી છે.

## Current affairs 33(1) સામાન્ય જ્ઞાન 23/3/16

૧) વૃંદાવનમાં પ્રથમવાર એક હજારથી વધુ મહિલાઓ કે જે પોતાના પતિને ગુમાવી ચુકી હોય તેઓ શ્રીકૃષ્ણ મંદિરમાં હોળી રમી હતી.

૨) બીટ્સ પીલાનીના ચાર વિદ્યાર્થીઓ દ્વારા ઓન ડિમાન્ડ હેલ્થ કેર વિઝીટ નામની એપ્લીકેશન લોન્ચ કરાયેલ છે.

www.edusafar.com

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

૩) ન્યૂઝીલેન્ડની વિમેન્સ ટીમે ત્રણ વારની ચેમ્પીયન ઓસ્ટ્રેલિયાને છ વિકેટે હરાવીને આઈ.સી.સી. વિમેન્સ ટી–20 ક્રિકેટ વર્લ્ડકપમાં વિજય મેળવ્યો છે.

૪) હાલમાં ઓસ્ટ્રેલીયન ગોલ્ફર જેસન ડેએ અર્નોલ્ડ પોલ્મર ઇન્વીટેશનલ ગોલ્ફ ટુર્નામેન્ટ જીતી લીધેલ છે, આ તેમને મળેલું આઠમું સન્માન છે.

૫) અમેરિકાના ટાઈગર વૂડ્સ સૌથી વધુ સપ્તાહ (281) સુધી ટોચ પર રહેનાર ગોલ્ફર છે.

૬) અમેરિકાના વાષ્ટિ કનીઘમે વર્લ્ડ ઇન્ડોર એથ્લેટિક્સમાં હાઈ જમ્પનો ગોલ્ડ મેડલ જીતેલ છે, આ મેડલ જીતવાની સાથે તે 18 વર્ષિય સૌથી યુવા ખેલાડી બની ગયેલ છે.

૭) 22 ડીસેમ્બર 1992 થી યુનાઈટેડ નેશન્સની જનરલ એસેમ્બલીએ વિશ્વ જળ દિન ઉજવવાનું નક્કી કરેલ છે.

૮) યુરોપીય દેશ રોમાનિયા દ્વારા ઐતિહાસિક સોલ્ટ માઈનમાં 400 ફૂટ નીચે એડવેન્ચર થીમ પાર્ક બનાવવામાં આવેલ છે.

૯) હાલ દેશના વડાપ્રધાન દ્વારા ડો.બાબા સાહેબ આંબેડકરના રાષ્ટ્રીય સ્મારકનો શિલાન્યાસ કરેલ છે, તેનું ઉદ્‌ઘાટન 14 એપ્રિલ 2018 ના રોજ કરવામાં આવશે.

૧૦) ચીન દેશ નેપાળ સાથેના સંબધો વધારવા માટે તિબેટ થઈને નેપાળમાં રેલ્વે લાઈન પાથરશે.

૧૧) આ વર્ષનો વિશ્વ જળ દિનનો વિષય “બેટર વોટર બેટર જોબ્સ” રાખવામાં આવ્યો હતો.

૧૨) 22 માર્ચ 1895 ના રોજ ફ્રાન્સમાં લુંમિયર બ્રધર્સે ફિલ્મ પ્રોજેક્ટર દ્વારા પેરિસમાં પ્રથમ મોશન પીક્ચર્સનું લોકો સામે પ્રદર્શન કર્યું હતું.

૧૩) ભારતીય રેસલર હરદીપ એશિયન ઓલિમ્પિક ક્વોલીફાઈંગ કુસ્તી ટુર્નામેન્ટમાં ગ્રીકો રોમનના 98 કિગ્રા વજન વર્ગમાં સિલ્વર મેડલ જીતવાની સાથે રિયો ઓલિમ્પિક માટેનો ક્વોટા મેળવવામાં સફળ રહ્યા છે.

૧૪) ઈસરો અને રેલ્વે મંત્રાલય દ્વારા રીમોટ સેન્સીંગ અને જી.આઈ.એસ.ટેકનીક હેતુ એક

www.edusafar.com

સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

૧૫) કેન્દ્રીય નાણામંત્રી અરુણ જેટલીએ 19 માર્ચ 2016 ના રોજ સંસ્કૃતિક કાર્યક્રમ એવર લાસ્ટીંગ ફ્લેમ ઈન્ટરનેશનલ કાર્યક્રમનું નવી દિલ્હીમાં ઉદ્‌ઘાટન કરેલ છે.

૧૬) ઉદ્યોગ સંઘ એસોચૈમ દ્વારા 20 માર્ચના રોજ જાહેર કરવામાં આવેલ છે કે વર્ષ 2016 માં ભારતની ઓનલાઈન શોપીંગ 78 ટકા વધારો થવાની શક્યતા છે.

૧૭) આગામી નવેમ્બર 2016 માં 19 મુ દક્ષેશ શિખર સંમેલનની મેજબાની પાકિસ્તાન કરશે.

૧૮) ગોવા રાજ્યની સરકારે પોતાના દેશી નશાકારક પીણા ફેનીને હેરીટેજ સ્પીરીટ ઓફ ગોવાની ઓળખ આપેલ છે.

૧૯) ઉત્તરપ્રદેશના મેરઠ શહેરથી આનંદ વિહાર માટે 20 માર્ચ 2016 ના રોજ પહેલી MEMU (મેન લાઈન ઈલેક્ટ્રીકલ મલ્ટીપલ યુનિટ) ટ્રેનને સીટી સ્ટેશનથી રવાના કરવામાં આવેલ છે.

૨૦) 20 માર્ચ 2016 ના રોજ એચ.એસ. પ્રણયે સ્વીસ ઓપન બેડમિન્ટન ટુર્નામેન્ટ ખિતાબ જીતેલ છે.

## Current affairs 34(1) સામાન્ય જ્ઞાન 24/3/16

૧) મુંબઈના થાણેના તમામ પોલીસ મથકોને ફ્રી ઈન્ટરનેટ સેવા આપવામાં આવશે.થાણે વિસ્તારમાં 33 પોલીસ સ્ટેશનનો સમાવેશ થાય છે.

૨) અમેરિકાના ન્યુયોર્ક શહેરના 51 શ્રીમંતોએ ત્યાંના ગર્વનર એન્ડ્રયુ ક્યુંમોને પત્ર લખીને જણાવ્યું છે કે અમારી પાસેથી વધારે ટેક્સ લઈને રાજ્યના ગરીબોને સવલતો આપો. આવું પ્રથમવાર બનેલ છે કે કોઈ દેશના શ્રીમંતો જાતે જ સરકારને સહકાર આપવાની પહેલ કરતા હોય.

૩) ગુજરાતના મુખ્ય ચુંટણી અધિકારી તરીકે કેન્દ્રના ચુંટણીપંચ દ્વારા બી.બી.સ્વૈનની પસંદગી કરવામાં આવી છે.

૪) ગુજરાતમાં છેલ્લા સાત વર્ષથી મુખ્યચુંટણી અધિકારી તરીકે અનિતા કરવાલે ફરજ બજાવતા

www.edusafar.com

હતા.

૫) ભારતનું પોસ્ટ ખાતું 20,494 પોસ્ટ ઓફિસમાં કોર બેન્કિંગ સોલ્યુશન ધરાવે છે, જયારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા 16,333 શાખાઓમાં કોર બેન્કિંગ સોલ્યુશન શાખાઓ ધરાવે છે.

૬) ભારતના 18 શહેરોમાંથી આવેલી 20000 યુવતીઓમાંથી સુરતની કતારગામમાં રહેતી નાઝનીન શેખ મિસ ઈન્ડિયા સ્પર્ધાના ટોપ 21 માં સ્થાન પામેલ છે.

૭) 23 માર્ચ 1931 ના રોજ ભારતના સ્વાતંત્ર્યવીરો ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુને ફાંસી આપવામાં આવી હતી, આ દિવસને દેશમાં શહીદદિન તરીકે ઉજવવામાં આવે છે.

૮) પ્રસિદ્ધ મલયાલમ લેખક એમ સુકુમારનને માર્ચ 2016 ના ત્રીજા સપ્તાહમાં સી.વી.કુન્હીરમણ સાહિત્યિક પુરસ્કારથી નવાજવા માટે પસંદ કરવામાં આવ્યા છે.

૯) સી.વી.કુન્હીરમણ સાહિત્યિક પુરસ્કારમાં 10001 રૂપિયા અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.

૧૦) એમ.સુકુમારમ મલયાલમ ભાષાના લઘુકથા લેખક છે.તેઓને વર્ષ 1976 માં પણ એક એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

૧૧) 18 માર્ચ 2016 ના રોજ ભારતના ટિક્કા શત્રુજીત સિંહને ફ્રાન્સનો પ્રતિષ્ઠિત નાઈટ ઓફ લિઝન ઓફ ઓનર સન્માન પ્રદાન કરવામાં આવ્યું છે.

૧૨) 20 માર્ચ 2016 ના રોજ સર્બિયન ટેનીસ ખેલાડી નોવાક જોકોવિચ અને બેલારુસની ખેલાડી વિક્ટોરિયા અન્જારેન્કાએ ઈન્ડિયન વેલ્સ ઓપન ખિતાબ જીતેલ છે.

૧૩) 20 માર્ચ 2016 ના રોજ ગુરુમિત સિંહ 20 કિલોમીટર એશિયન રેસ વોક ચૈમ્પિયનશીપમાં સુવર્ણ પદક જીતનાર તે પ્રથમ ભારતીય બનેલ છે.

૧૪) 21 માર્ચ 2016 ના રોજ કેન્દ્રીય કૃષિમંત્રી રાધા મોહન સિંઘે કિસાનો માટે એક નવી મોબાઈલ એપ્લીકેશન પૂસા કૃષિનો પ્રારંભ કરેલ છે.

૧૫) 19 માર્ચ 2016 ના રોજ નવી દિલ્હીમાં વર્ષ 2014–15 ના રાષ્ટ્રીય કૃષિ કર્મણ પુરસ્કાર

www.edusafar.com

પ્રદાન કરવામાં આવ્યા છે.

૧૬) પંજાબ રાજ્યના નાણામંત્રી પરમિંદર સિંહ ઢીંઢાસાએ 15 માર્ચ 2016 ના રોજ વિધાનસભામાં વાર્ષિક બજેટ રજુ કરેલ છે.

૧૭) પંજાબ સરકાર દ્વારા વર્ષ 2016–17 નું 86387 કરોડ રૂપિયાનું બજેટ રજુ કરવામાં આવેલ છે.

૧૮) એમી પુરસ્કાર વિજેતા અભિનેતા લૈરી ડ્રેકનું હોલીવુડ કેલીફોર્નીયામાં 17 માર્ચ 2016 ના રોજ અવસાન થયેલ છે.

૧૯) ફ્લાઈ દુબઈના બોઇંગ 737 વિમાન દુર્ઘટનાગ્રસ્ત થવાના કારણે 19 માર્ચના રોજ 62 લોકોના મૃત્યુ થયા હતા.

૨૦) ફોર્મ્યુલા વન ટીમના મર્સિડીઝ ચાલક નીકો રોસબર્ગે 21 માર્ચ 2016 ના રોજ ઓસ્ટ્રેલીયામાં સત્રની પહેલી ફોર્મુલા વન રેસ ઓસ્ટ્રેલિયાઈ ગ્રા.પ્રિ.નો ખિતાબ જીતેલ છે.

## Current affairs 35 (1) સામાન્ય જ્ઞાન 25/3/16

www.edusafar.com

૧) હવેથી સરકાર ટૂંક સમયમાં ઈ–વોરંટી શરુ કરવા જઈ રહી છે, તેમાં તમામ રેકોર્ડ સામાન વેંચનાર જે તે કંપની પાંસે રહેશે, તેથી ગ્રાહકે વોરંટી બીલ સાચવવું નહિ પડે.

૨) હાલ કેન્દ્ર સરકારની એર ઇન્ડિયા સેવા ખોટમાં ચાલી રહી છે ત્યારે સરકાર તેના 49 ટકા શેર વહેચવાની કામગીરી હાથ ધરશે, તે માટે 4–5 સભ્યોની કમિટી બનાવવાની તૈયારી ચાલી રહી છે.

3) ભારતના અતિ સમૃદ્ધ મંદિર તિરુપતિના વેંકટેશ્વર સ્વામી મંદિરે સરકારની ગોલ્ડ મોનેટાઈઝેશન સ્કીમ સામે શરત મૂકી છે કે તેના નિશ્ચિત સમયે સરકાર તેને જમા કરાવેલ સોનાના બદલામાં સોનું જ પરત આપે.

૪) બુલિયન ઈન્ડસ્ટ્રીઝના કહેવા મુજબ ભારત દેશના મંદિરોમાં 5000 ટન સોનું રહેલું છે.

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૫) તિરુપતિ બાલાજીના વેંકટેશ્વર સ્વામી મંદિરમાં 7000 કિલો સોનું રહેલું છે.

૬) મહારાષ્ટ્રના શિરડી સાઈબાબા મંદિરમાં 384 કિલોગ્રામ અને મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિરમાં 110 કિલોગ્રામ સોનું રહેલું છે.

૭) સરકાર આવનાર ત્રણ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં ગરીબો માટે એક કરોડ પાકા મકાનો બાંધશે.

૮) મકાનો બંધાવાની યોજના અંતર્ગત આ વર્ષના બજેટમાં સરકારે 60,000 કરોડ રૂ.ની જોગવાઈ કરેલી છે.

૯) હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા દિલ્હી નજીક દ્વારકા ખાતે ડીપાર્ટમેન્ટ ઓફ ઇન્ડસ્ટ્રીયલ પોલીસી એન્ડ પ્રમોશનને તેના તેના એક્ઝીબીશન સેન્ટરના નિર્માણ માટે 89,72 હેક્ટર જમીન ફાળવવાના નિર્ણયને મંજુરી આપી છે.

૧૦) હાલમાં કેન્દ્રીય કૅબિનેટની બેઠકમાં કૃષિક્ષેત્રે સહકાર માટે ભારત અને લિથુઆનિયા વચ્ચે MOU પર હસ્તાક્ષર થયા છે.

૧૧) હવેથી રેલવેના મુસાફરો સરળતાથી PNR સ્ટેટસ તપાસી શકશે, હવે તેમણે PNR ચેક કરવા માટે કોડ નહિ આપવો પડે.

૧૨) ગ્લેન્ડર્સ નામનો રોગ પશુઓમાં જીવલેણ સાબિત થાય છે, તેનો ફેલાવો ના થાય તે માટે ગત વર્ષે ગુજરાત રાજ્યની સરકારે બે પશુઓને દયામૃત્યું આપવા પડ્યા હતા.

૧૩) ગુજરાત રાજ્યના અમદવાદ શહેરમાં માનવઅધિકાર ભંગની સૌથી વધારે ફરિયાદ મળવા પામી છે, તેમાં 821 ફરિયાદ મળેલ છે.

૧૪) ગુજરાત સ્ટેટ કેરમ એસોસીએશન દ્વારા 31 માર્ચથી 2 એપ્રિલ 2016 દરમિયાન જુનીયર નેશનલ કેરમ ટુર્નામેન્ટ વડોદરા ખાતે યોજાશે.

૧૫) અમેરિકાના સ્ટાર સ્વીમર માઈકલ ફેલપ્સે તેની કારકિર્દીમાં 77 મેજર ખિતાબ જીત્યા છે.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૬) ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના 23 માર્ચ 2016 ના રોજ ટ્વેન્ટી–20 ક્રિકેટ વર્લ્ડમાં સુકાની તરીકે 1000 રન પુરા કરેલ છે.

૧૭) 24 માર્ચ 1990 ના રોજ ભારતીય શાંતિદળો શ્રીલંકાથી સ્વદેશ પરત આવ્યા હતા.

૧૮) તાજેતરમાં શ્રીલંકાએ પાકિસ્તાન પાસેથી જે.એફ.–17 ફાઈટર પ્લેન ખરીદવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ ભારત સરકારના વાંધા પછી શ્રીલંકાએ આ નિર્ણય મોકૂફ રાખ્યો હતો.

૧૯) નેશનલ હેલ્થ પ્રોફાઈલ 2015 પ્રમાણે દેશની સરકારી હોસ્પિટલમાં 11,528 ની જનસંખ્યા સામે માત્ર એક જ ડોક્ટર છે.

૨૦) ગુજરાત રાજ્યમાં 17,036 લોકોની સામે માત્ર એક જ ડોક્ટર છે, દેશમાં સરેરાશ 11,528 લોકોની સામે માત્ર એક ડોક્ટર છે.

## Current affairs 36 (1) સામાન્ય જ્ઞાન 26/3/16

૧) હાલ ગુજરાત રાજ્યમાં 17 ખાનગી યુનિવર્સીટીઓ ચાલી રહી છે તેમાં ચાર નવી ઉમેરવાની તૈયારી ગુજરાત સરકાર કરી રહી છે.

૨) પ્રથમવાર ગુજરાતમાં વર્ષ 2009 માં ખાનગી યુનિવર્સીટીઓના નિયમન માટે સરકારે કાયદો બનાવ્યો હતો,જેનો અમલ વર્ષ 2010 થી શરુ કરવામાં આવેલ છે.

૩) 24 માર્ચના રોજ દેશમા દર વર્ષે ટી.બી.ડે ઉજવવામાં આવે છે, વિશ્વમાં સૌથી વધારે ટીબીના દર્દીઓ ભારતમાં છે.

૪) ભારત સરકારના ટીબી નાબુદી અભિયાનના બ્રાંડ એમ્બેસેડર તરીકે અમિતાભ બચ્ચન કાર્ય કરી રહ્યા છે.

૫) આસામમાં હોળીને ફાકુઆ નામથી ઓળખવામાં આવે છે. ત્યાં માટીથી બનેલી ઝુપડીઓ સળગાવવામાં આવે છે, ત્યારબાદ બીજા દિવસે રંગોથી રમવામાં આવે છે.

૬) કેન્દ્ર સરકાર દ્વારા ધુળેટીના તહેવારની ભેટ સ્વરૂપે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં

www.edusafar.com

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

6 ટકાનો વધારો જાહેર કરેલ છે,જે 1 જાન્યુઆરી 2016 થી લાગુ કરવામાં આવશે.

૭) બ્રસેલ્સ હુમલામાં સમગ્ર વિશ્વમાં પીડીતોનો ચહેરો બની ભારતીય મહિલા તેનું નામ નિધિ ચાપેકર, તે 1996 થી જેટ એરવેઝ સાથે સંકળાયેલ હતા.

૮) ભારતમાં ટીબીની સારવાર રિવાઈઝ નેશનલ ટ્યુબરક્યુલોસીસ કંટ્રોલ પ્રોગ્રામ અંતર્ગત થાય છે, જેમાં 15 લાખ લોકોની સારવાર ચાલી રહી છે.

૯) જર્મન વૈજ્ઞાનિક રોબર્ટ કોખએ 1882 ની 24 માર્ચના રોજ ટીબી માટે જવાબદાર બેકટરિયા માઈક્રોબેકટરીયમ ટ્યુબરક્યુલોસીસ વિષે સંશોધન કર્યું તેના માનમાં વિશ્વભરમાં 24 માર્ચને વર્લ્ડ ટીબી ડે ઉજવવામાં આવે છે.

૧૦) આગામી એપ્રિલ માસમાં ગ્રામસભાઓ સાથે ગ્રામ ઉદય ભારત ઉદય કાર્યક્રમનો પ્રથમ તબક્કો હાથ ધરવામાં આવશે.

૧૧) 23 માર્ચ 2016 ના રોજ આંતરરાષ્ટ્રીય સ્તર પર વિશ્વ મૌસમ વિજ્ઞાન દિન મનાવવામાં આવ્યો હતો.

૧૨) જમ્મુ અને કાશ્મીર માટે વિશેષ ઔદ્યોગિક પહેલ યોજના ઉડાનની સમય અવધિને 2015–16 થી વધારીને વર્ષ 2019–20 કરવામાં આવી છે.

૧૩) ઉડાન યોજના જમ્મુ કાશ્મીરના યુવાઓને રાજ્યમાં વધારે સારું વ્યાપારી ભારત અને સર્વોતમ કામની તક પણ પ્રાપ્ત કરાવશે.

૧૪) કૌશલ્ય વિકાસ અને ઉદ્યમતા મંત્રાલય અને સયુંકત આરબ અમીરાત વચ્ચે આશય પત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૧૫) વિશ્વબેંકે સ્વસ્છ ભારત મિશન (ગ્રામીણ)ને સહયોગ આપવાનો નિર્ણય લીધેલ છે.

૧૬) 23 માર્ચ 2016 ના રોજ સ્વસ્છ ભારત મિશન (ગ્રામીણ)ને વિશ્વબેંકની 1500 મિલિયન ડોલર વાળી પરિયોજનાને મંજુરી આપી દેવામાં આવી છે.

૧૭) 19 માર્ચ 2016 ના રોજ સમગ્ર વિશ્વમાં પૃથ્વી દિવસ મનાવવામાં આવ્યો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૮) પૂર્વ બોસ્નિયાઈ સર્બ નેતા રાદોવાન કૈરાજીચને બોસ્નિયા નરસંહાર અને યુદ્ધ અપરાધ માટે 24 માર્ચ 2016 ના રોજ 40 વર્ષ જેલની સજા આપવામાં આવી છે.

૧૯) ઓસ્ટ્રેલીયન ક્રિકેટ ખેલાડી અને ઓલરાઉન્ડર શેન વોટ્સને 24 માર્ચ 2016 ના રોજ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરેલ છે.

૨૦) 23 માર્ચ 2016 ના રોજ એડલવાઈસ એસેટ મૈનેજમેન્ટ કંપનીએ જે.પી. મોર્ગનના દેશમાં મ્યુચુઅલ ફંડ કારોબાર ખરીદવાની જાહેરાત કરેલ છે.

## Current affairs 37 (1) સામાન્ય જ્ઞાન 27/3/16

૧) આગામી એપ્રિલ 2016 થી નવું અને સરળ આઈ. ટી.આર. ફોર્મ નાણા મંત્રાલય રજુ કરશે, દેશના 93 ટકા લોકો ઓન લાઈન આઈ. ટી.આર. ફાઈલ કરે છે.

૨) રેલ્વે સાત રાજધાની ટ્રેનો માંથી એક–એક પેન્ટ્રી કાર દુર કરશે.તેના બદલે થર્ડ એ.સી.કોચ ઉમેરવામાં આવશે.

૩) હાલમાં ટ્વીટરે એક સાથે પાંચ હજાર લોકો ડાયરેક્ટ ટ્વીટ કરી શકે તેવી સુવીધા આપેલ છે.

૪) હવેથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બનવા માટે CPT ને બદલે ફાઉન્ડેશન કોર્ષ પરીક્ષા પાસ કરવી પડશે.

૫) હાલમાં જમું કાશ્મીરમાં પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી પ્રમખ મહેબુબા મુફ્તીનું જમ્મુ કશ્મીરના તેરમાં અને રાજ્યના પહેલા મુખ્યમંત્રી બનવાનું નક્કી થયેલ છે.

૬) વર્ષ 1980 માં સૈયદા અનવારા તૈમુર આસામના પ્રથમ મુસ્લિમ મહિલા મુખ્યમંત્રી બન્યા હતા.

૭) હાલમાં મહેબુબા મુફ્તી કાશ્મીરના તેરમાં મુખ્યમંત્રી તરીકે અને બીજા મુસ્લિમ મહિલા મુખ્યમંત્રી તરીકેનું પદભાર સંભાળશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૮) વર્લ્ડ ટી–20 ક્રિકેટની એક મેચમાં ઓસ્ટ્રેલીયાએ પાકિસ્તાનને 21 રને પરાજય આપતા તે સ્પર્ધામાંથી બાકાત થયેલ છે.

૯) ન્યુયોર્કમાં શ્રીમંતોએ વધુ ટેક્સ ચૂકવીને ગરીબી હટાવવાનો પ્રસ્તાવ મુક્યા બાદ અમરિકાનીજ પ્રખ્યાત કંપની સ્ટારબક્સે વધેલું ભોજન ન ફેંકવાની જાહેરાત કરી છે.

૧૦) ૨૬ માર્ચ ૧૯૭૩ના રોજ લંડન સ્ટોક એક્ચેન્જમાં મહિલાઓની ભરતીની સાથે આધુનિકરણની શરૂઆત થઇ હતી.

૧૧) હાલમાં દક્ષીણ કોરિયાના રાષ્ટ્રપતિ તરીકે પાર્ક ગીયુ પદભાર સંભાળી રહ્યા છે.

૧૨) જુનાગઢને ભારતમાં સમાવવા માટે 20 ફેબ્રુઆરી 1948ના દિવસે મતદાન કરાયું હતું, જયારે તેનું પરિણામ 24 મી ફેબ્રુઆરીએ જાહેર કરાયું હતું.

૧૩) હિન્દ સંઘના જોડાણ વખતે જુનાગઢના કુલ લોકમત સમયે 2, 22,184 મત ભારત તરફ પડ્યા હતા, જયારે પાકિસ્તાનને માત્ર 130 મત મળ્યા હતા.

૧૪) 25 માર્ચ 1897ના રોજ એટલે કે આજથી 120 વર્ષ પહેલા બહાઉદીન કોલેજનો પાયો નંખાયો હતો.

૧૫) 7 જાન્યુઆરી 2016ના રોજ જમ્મુકાશ્મીરના મુખ્યમંત્રી મુફ્તી મહોમદ સૈઈદનું અવસાન થતા 8 મી જાન્યુઆરી 2016 થી રાજ્યમાં ગવર્નર શાસન લાગુ કરાયું હતું.

૧૬) ભારતીય ક્રિકેટર શ્રીસંત ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે, તેઓ કેરળ વિધાન સભાની તિરુવનંતપુરમથી ચુંટણી લડશે.

૧૭) 4 ડીસેમ્બર 2015ના રોજ બહાર પડાયેલ ભારતીય વન રીપોર્ટના આંકડા મુજબ દેશમાં વૃક્ષો અને જંગલોના ક્ષેત્રફળમાં 5081 વર્ગ કિલોમીટરનો વધારો થયેલ છે.

૧૮) 26 માર્ચ 1971ના રોજ બંગલા દેશે પાકિસ્તાનથી સ્વતંત્રતાની જાહેરાત કરી હતી. તેથી 26 માર્ચને બાંગ્લાદેશના સ્વતંત્ર દિન તરીકે ઉજવાય છે.

૧૯) હોલેન્ડના પ્રસિદ્ધ ફૂટબોલ ખેલાડી જોહાન ક્રૂફનું 24 માર્ચ 2016 ના રોજ બાર્સિલોનામાં

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

અવસાન થયેલ છે, તેઓ 68 વર્ષના હતા.

20) હોલીવુડના હાસ્ય અભિનેતા, લેખક, અને નિર્માતા ગૈરી શન્દીલંગનું સાન્તા મોનિકામાં 24 માર્ચ 2016ના રોજ અવસાન થયેલ છે.

## Current affairs 38 (1) સામાન્ય જ્ઞાન 28/3/16

૧) ક્રેડીટ ઇન્ફોર્મેશન બ્યુરો ઇન્ડિયા લિમિટેડ(સિબિલ)ના જણાવ્યા મુજબ ભારતમાં 18,176 લોકો–કંપનીઓ એવી છે, જે બેંકોનું ઋણ ચુકવવા માંગતા નથી, જેને વેલ ડિફોલ્ટરો કહેવામાં આવે છે.

૨) તમામ ડિફોલ્ટરોનું ભારતીય બેંકો પર બે લાખ 35 હજાર કરોડ રૂપિયાનું દેવું છે, આ તમામ 25 લાખ અને એક કરોડ રૂપિયાથી વધારેના દેવાદારો છે.

૩) સિબિલના કહેવા મુજબ વિલકુલ ડિફોલ્ટરમાં રાજ્યોના આધારે જોઈએ તો એક કરોડ રૂપિયાથી વધુ લોન લઈને નહિ ચૂકવવાના કેસમાં સૌથી વધારે સંખ્યા મહારાષ્ટ્ર રાજ્યની છે.

૪) ગુજરાત રાજ્યમાં ડિફોલ્ટરોની સંખ્યા રાજ્યના નંબર પ્રમાણે ચોથા ક્રમાંકે છે, અને ડિફોલ્ટરોની સંખ્યા 15,297 છે.

૫) હાલમાં ગુજરાત રાજ્યમાં સિનેમા ઘરો પર 20 ટકા મનોરંજન કર અને હોટલો પર 6 થી 12 ટકા મનોરંજન કર વસુલવામાં આવે છે.

૬) વઢવાણના કવિ દલપતરામની યાદમાં છેલ્લા સાત વર્ષથી દલપતરામ એવોર્ડ વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ દ્વારા આપવામાં આવે છે, આ વર્ષે આ એવોર્ડ સુરતના કવિ નયન હ.દેસાઈને શ્રી મોરારિબાપુનાં હસ્તે એનાયત કરાશે.

૭) રણજી ટ્રોફીમાં લક્ષ્મણના નામે એક સિઝનમાં સૌથી વધુ 1415 રન અને આઠ સદીનો રેકોર્ડ છે.

૮) ચરોતર એજ્યુકેશન સોસાયટીએ ગીનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં આઠ વિશ્વ વિક્રમ નોંધાવી

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

ભારતમાં દૂધનું પાટનગર ગણાતા આણંદને સીટી ઓફ વર્લ્ડ રેકોર્ડ તરીકેની નામના આપી છે.

૯) દેશમાં એકસાથે આઠ વર્લ્ડ રેકોર્ડ કરનાર ચરોતર એજ્યુકેશન સોસાયટી CESCES દેશની પ્રથમ શિક્ષણ સંસ્થા બનેલ છે.

૧૦) દુનિયાની નજરોથી દુર એક રમત આર્કટીક ક્ષેત્રમાં યોજાય છે, તે દર બે વર્ષે યોજાય છે.જે આર્કટીક ક્ષેત્રની ઓલિમ્પિક તરીકે ઓળખાય છે.

૧૧) હાલમાં જાપાનના ઉતરીય દ્વીપ હોકાઈદોમાં 26 માર્ચ 2016 ના રોજ પ્રથમ બુલેટ ટ્રેન દોડાવવામાં આવી જે હોકાઈદો દ્વિપને ટોક્યોથી જોડશે.

૧૨) હોકાઈદો દ્વિપને ટોક્યોથી જોડતી ટ્રેનની વિશેષતા એ છે કે તે 53 કી.મી. સુરંગમાંથી પસાર થશે, અને સુરંગનો 23 કી.મી.હિસ્સો સમુદ્રની નીચે છે, આ ટ્રેનની સ્પીડ 260 કી.મી.ની છે.

૧૩) ગુજરાતના પ્રથમ સ્ત્રી સ્નાતક વિદ્યાગૌરી નીલકંઠે 'સોહરાબ રુસ્તમ' નાટકમાં ભૂમિકા ભજવી હતી.

૧૪) હાલમાં કેન્દ્ર સ્ટેન્ડ અપ ઈન્ડીયાના કાર્યક્રમ હેઠળ અઢીલાખ એસ.સી.એસ.ટી. ઉદ્યોગ સાહસિકો ઉભા કરશે.

૧૫) તાજેતરના વર્લ્ડ બેંકના રીપોર્ટ અનુસાર દુનિયાભરમાં દરરોજ એક લાખથી વધારે એર લાઈન ડીપાર્ટ કરે છે.

૧૬) અમેરિકામાં વર્ષ 2015 માં 95,53,214 વિમાનો ઉડી રહ્યા હતા, જે કોઈપણ દેશ કરતા સૌથી વધારે હતા.

૧૭) એક સંસ્થા ધ પોલ્ટ્રી સાઈટ ડોટ કોમના જણાવ્યા પ્રમાણે વિશ્વમાં લોકો દર વર્ષે લગભગ 99 મિલિયન ટન ચીકન ખાય છે.

૧૮) 27 માર્ચ 1989 ના રોજ રશિયામાં પ્રથમવાર સ્વતંત્ર ચૂંટણીઓ યોજાઈ હતી.

૧૯) જાદવપુર વિશ્વવિદ્યાલયના એન્જીનીયરોએ 25 માર્ચ 2016 ના રોજ એક વોટર ફિલ્ટર વિકસાવેલ છે, જે પાણી માંથી આર્સેનિકના પ્રદુષણને દુર કરશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૨૦) 23 માર્ચ 2016 ના રોજ કેન્દ્રીય પર્યાવરણ વન તથા જળવાયું મંત્રાલય ઈ–કચરા પ્રબંધન નિયમ 2016 ને અધિસૂચિત કરેલ છે.

## Current affairs 39 (1) સામાન્ય જ્ઞાન 29/3/16

૧) 28 માર્ચ 2016 ના રોજ દેશની હસ્તીઓને પદ્મશ્રી સન્માન આપવામાં આવ્યું છે, તેમાં રિલાયન્સના સ્વ.ધીરુભાઈ અંબાણીનું સન્માન કોકિલાબેને સ્વીકારેલ છે.

૨) સોળ વર્ષમાં આઠ મુખ્યમંત્રી બદલાયેલ ઉતરાખંડમાં રાજકીય ઉથલ–પાથલને કારણે 27 માર્ચ 2016 ના રોજ રાષ્ટ્રપતિ શાસન લાદવાની રાષ્ટ્રપતિ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે.

૩) ટી–20 વિશ્વકપની મેચમાં ભારતે ઓસ્ટ્રેલીયાને હાર આપેલ છે, આગામી 31 મીએ મુંબઈમાં ભારત અને વેસ્ટ ઈન્ડીઝ વચ્ચે સેમીફાઈનલ યોજાશે.

૪) ભાસ્કર ગ્રુપના મેનેજીંગ ડીરેક્ટર સુધીર અગ્રવાલને એશિયા પેસેફિક એન્ટરપેન્યોરશીપ એવોર્ડ 2016 આપવામાં આવ્યો છે.

૫) વિશ્વબેંકના અહેવાલ અનુસાર વર્ષ 2012 માં દેશની 1.2 અબજની વસતિમાંથી 12.4 ટકા લોકોની રોજની કમાણી એક ડોલરથી(70 રૂ.) પણ ઓછી હોવાનું તારણ નીકળ્યું છે.

૬) વિમેન્સ ટી–20 મેચમાં ભારત વેસ્ટઈન્ડીઝ સામે 3 રને હાર્યું છે.

૭) દોરડા ખેંચની રમત (ટગ ઓફ વોર) વર્ષ1900 થી 1920 સુધી ઓલિમ્પિકસમાં સામેલ કરવામાં આવી હતી.

૮) હરિયાણા સરકાર દ્વારા હાલમાં દીવ્યાંગો માટે 27 માર્ચ 2016 ના રોજ અનુકુળ ગૃહ નામની યોજના શરુ કરેલ છે.

૯) હાલ હરિયાણા સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી તરીકે કવિતા જૈન સેવા આપી રહ્યા છે.

૧૦) 28 માર્ચ 2016 ના રોજ 63 માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી છે,

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

આમા વર્ષ 2015 ની ભારતીય સિનેમાની શ્રેષ્ઠ ફિલ્મને એવોર્ડ આપવામાં આવશે.

૧૧) 63 માં ફિલ્મ પુરસ્કારના વિજેતાઓને આવનાર 3 મેં 2016 ના રોજ દિલ્હીમાં આયોજિત થનાર સમારોહમાં સન્માનિત કરવામાં આવશે.

૧૨) 25 માર્ચ 2016 ના રોજ પાકિસ્તાન અને ઈરાન વચ્ચે દ્વિપક્ષીય સંબધોને મજબુત બનાવવા માટે 6 સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવેલ છે.

૧૩) હાલના ઈરાનના રાષ્ટ્રપતિ તરીકે ડો.હસન રુહાની સેવા આપી રહ્યા છે.

૧૪) ભારતીય મૂળના સૂર્યદેવા યુ.એન.એચ.આર.સી. માં માનવ અધિકાર સલાહકાર તરીકે નિયુક્ત થયા છે.

૧૫) 26 માર્ચ 2016 ના રોજ ઉત્તરપ્રદેશ ઉર્દુ અકાદમી દ્વારા વર્ષ 2015 ના પુરસ્કારોની જાહેરાત કરવામાં આવેલ છે.

૧૬) 27 માર્ચ 2016 ના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય રંગમંચ દિવસ મનાવવામાં આવ્યો, આ દિવસે રશિયાના નાટ્ય કલાકાર એન્ટોલી વેસીલીવે સમગ્ર વિશ્વને સંદેશ પાઠવેલ.

૧૭) 28 માર્ચ 2016 ના રોજ હરિયાણા કેબિનેટ દ્વારા ઝાટ આરક્ષણ વિધેયકને મંજુરી આપવામાં આવેલ છે.

૧૮) 26 માર્ચ 2016 ના રોજ સીરિયાની સેનાએ ઐતિહાસિક શહેર પ્લમાઈરાને પૂર્ણ રીતે પોતાના હસ્તક કરી લીધેલ છે.

૧૯) ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ સંસદ લાલ મુની ચૌબેનું 25 માર્ચ 2016 ના રોજ દિલ્હીમાં અવસાન થયેલ છે.

૨૦) કેરળના લોકપ્રિય કથાપ્રસંગમ કલાકાર અને મલયાલમ ફિલ્મોના અભિનેતા વી.ડી. રાજપ્પનનું 24 માર્ચ 2016 ના રોજ અવસાન થયેલ છે.

## Current affairs 40 (1) સામાન્ય જ્ઞાન 30/3/16

www.edusafar.com

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧) ભારતીય મૂળના નંદિતા બક્ષીને બેંક ઓફ ધ વેસ્ટના સી.ઈ.ઓ.તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે, 57 વર્ષના નંદિતા 1 એપ્રિલથી પોતાનો કાર્યભાર સંભાળશે.

૨) હવેથી ટૂંક સમયમાં ગુગલ દ્વારા લાઈવ વિડીયો શેરીંગ માટે યુટ્યુબ કનેક્ટ નામની એપ શરુ કરવામાં આવશે.

3) ચીનથી એક કરોડ રૂપિયાનો કોરીયન ડોસા મસ્ટિક નસલનો એક કુતરો ભારતમાં લાવવામાં આવ્યો છે તેની સુંઘવાની શક્તિ ખુબ જ સતેજ છે.

૪) આગામી 1 એપ્રિલથી તુર્કી દુતાવાસ ભારતના 16 શહેરોમાં વિઝા અરજી કેન્દ્રો ખોલશે તેમાં અમદાવાદનો સમાવેશ કરવામાં આવશે.

૫) હાલમાં 63 માં રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડની જાહેરાત કરવામાં આવી તેમાં બેસ્ટ ફિલ્મ તરીકે બાહુબલીની પસંદગી કરવામાં આવી છે.

૬) 63 માં ફિલ્મ ફેસ્ટીવલમાં ગુજરાતને મોસ્ટ ફિલ્મ ફ્રેન્ડલી સ્ટેટનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

૭) કેન્દ્ર સરકાર દ્વારા વિજ્ઞાનમાં પોસ્ટ ડોક્ટોરલ રીસર્ચ કરનારાઓને ત્રણ વર્ષ સુધી મહીને 50 હજાર રૂપિયા આપશે, તથા 7 લાખ રૂપિયાની બેઝીક ગ્રાન્ટ પણ આપશે.આ નિર્ણય બ્રેન ડેડ રોકવા માટે લેવામાં આવ્યો છે.

૮) અમદાવાદમાં આકાર લેનારા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટમાં કાંકરિયાથી શાહપુર સુધીનો 6 કિમી. રૂટ પર મેટ્રો અન્ડર ગ્રાઉન્ડ દોડાવવામાં આવશે.

૯) અમદાવાદ રેલ્વે સ્ટેશન પર 21 ટીકીટ કાઉન્ટર બનતા હવેથી ભીડ ઘટાડી શકાશે.

૧૦) ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ચાલુ વર્ષે અનાજ સંગ્રહ વધારવા માટે 124 નવા ગોડાઉન અલગ-અલગ સ્થળોએ બાંધશે.

૧૧) રણજી ટ્રોફીમાં વસીમ જાફરે સૌથી વધારે રન 10,143 ફટકારેલ છે તથા 35 સદી ફટકારેલ છે.

www.edusafar.com

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૨) ઓસ્ટ્રેલીયાના ગોલ્ફર જેસન ડેએ ડબ્લ્યુ.જી.સી. ડેલ મેચ પ્લેની ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને તે વર્લ્ડ ગોલ્ફ રેન્કિંગમાં ટોચના સ્થાને પહોચ્યા છે.

૧૩) 29 માર્ચ 1981 એટલે કે આજથી 35 વર્ષ પહેલા પ્રથમવાર લંડન મેરેથોનનું આયોજન થયું હતું.

૧૪) હવેથી ભારતમાં પણ ટૂંક સમયમાં તમામ પ્રકારની મુશ્કેલી વખતે એક જ નંબર 112 ડાયલ કરીને મદદ મેળવી શકાશે, તેના માટે ભારતનું ટેલીકોમ પંચ સહમત થયું છે.

૧૫) અમેરિકામાં તમામ ઈમરજન્સી નંબર માટે 911 ડાયલ કરવાનો રહે છે, તેમ ભારતમાં પણ 112 સેવા શરુ કરવા માટે ટ્રાઈ થોડા સમયમાં કાર્યવાહી શરુ કરશે, ત્યારબાદ બાકીની 100,101 અને 102 ની સેવાઓ એક વર્ષમાં બંધ કરવામાં આવશે.

૧૬) હાલમાં ગુજરાત સરકારનું જાહેર દેવું બે લાખ કરોડ રૂપિયાને પાર થઇ ગયું છે, તેના વ્યાજ માટે આગામી વર્ષે 17,465 કરોડ 81 લાખ અને મુદલ પેટે 8621 કરોડ ચુકવવામાં આવશે.

૧૭) ભારતમાં ડાયરેક્ટ એનર્જી વેપન અને ઈલેક્ટ્રોમેગ્નેટિક પલ્સ વેપન જેવા હથિયારોનું નિર્માણ કરવાની જવાબદારી ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DDRDO)ને સોંપવામાં આવી છે.

૧૮) ટેલીસના અહેવાલ મુજબ ભારતની હવાઈ ક્ષમતા અપૂરતી છે, વર્ષ 2016 માં ભારતીય વાયુ સેનાની પાસે આવશ્યક સ્કવોડ્રન સરેરાશ 36.5 પણ નથી.

૧૯) હાલ ભારત અને ચીન પાસે 750 એડવાન્સ મલ્ટીરોલ ફાઈટર જેટ છે.

૨૦) 29 માર્ચ 1857 ના દિવસે દેશમાં અંગ્રેજી સાશન વિરુદ્ધ પ્રથમ સૈન્ય બળવો થયો હતો.આ દિવસે મંગલપાંડેએ બેરકપુરના પરેડ ગ્રાઉન્ડમાં ગોળી ચલાવવાનો ઈન્કાર કર્યો હતો.

## Current affairs 41 (1) સામાન્ય જ્ઞાન 31/3/16

૧) હવેથી ઈન્ટરનેટ એપ પરથી મોબાઈલ અને લેન્ડલાઈન ફોન કરવા માટેના એગ્રીમેન્ટને મંજુરી

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો

www.edusafar.com

આપી દેવામાં આવી છે.

૨) હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝ અંગેની વધુ 50 ગુપ્ત ફાઈલ જાહેર કરવામાં આવેલ છે.

૩) જી.ટી.યુ.ના વિદ્યાર્થીઓ હવેથી રીઝલ્ટ નામની એપ્લીકેશન પરથી મોબાઈલ પર જ પરિણામની વિગત જાણી શકશે.

૪) અમરેલી જીલ્લાના જાફરાબાદ નજીક આવેલ શિયાળબેટમાં વીજળી પહોંચાડવાનો ખર્ચ સરકાર દ્વારા 15.77 કરોડ કરવામાં આવશે, આ વિસ્તારમાં 24 કિમી.સુધી મરીન કેબલ લાઈન નાંખવાનું આયોજન કરાયેલ છે.

૫) આગામી પાંચમી એપ્રિલ 2016 ના રોજ દેશના વડાપ્રધાન સ્ટેન્ડ અપ ઈન્ડિયા કાર્યક્રમની રજૂઆત કરશે.

૬) ભારતમાંથી થતી કુલ નિકાસના 46 ટકા જેટલી નિકાસ મહારષ્ટ્ર અને ગુજરાત રાજ્યમાંથી થાય છે.

૭) ઈન્ડિયન સ્પેસ રીસર્ચ ઓર્ગેનાઈઝેશનના દ્વારા એક રોકેટ મારફત 22 ઉપગ્રહ મોકલવાની તૈયારી કરી રહ્યું છે.

૮) હાલમાં તાતા મોટર્સે ભારતીય સેના સાથે 619 ટ્રકો પૂરી પાડવાના સમજુતી કરાર પર હસ્તાક્ષર કરેલ છે.

૯) ભારતીય સેનાને તાતા મોટર્સ 6xx6 હેવી ગતિશીલ વાહન કે જે મલ્ટી એક્સેલ ટ્રકોની આપૂર્તિ કરશે.

૧૦) હાલમાં દિલ્હી રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2016–17 નું બજેટ રજુ કરવામાં આવ્યું છે.

૧૧) દિલ્હી રાજ્યના આ વર્ષના બજેટમાં આમ આદમી કેન્ટીન નિર્માણ માટે 10 કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# Current affairs 11 થી 20 march 16 સામાન્ય જ્ઞાન

૧૨) હાલમાં ભારતીય થલ સેનાના ઉપાધ્યક્ષ લેફ્ટનન્ટ જનરલ એમ.એમ.એસ. રાય છે.

૧૩) ગત 22 થી 27 માર્ચ 2016 ના રોજ ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં ન્યુઝીલેન્ડ બેડમિન્ટન ઓપન ગ્રાન્ડ પ્રિક્સ 2016 સમાપ્ત થઈ.

૧૪) 29 માર્ચ 2016 ના રોજ ભારતીય રીઝર્વ બેંકે 22 નોન બેન્કિંગ નાણા કંપનીઓનું રજીસ્ટ્રેશન રદ્દ કરેલ છે.

૧૫) નોન બેન્કિંગ નાણા કંપનીને NBFC નામે પણ ઓળખવામાં આવે છે,જે નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કોર્પોરેશન નામે ઓળખાય છે.

૧૬) 26 માર્ચ 2016 ના રોજ પ્રસિદ્ધ અમેરિકી લેખક જિમ હૈરિસનનું અવસાન થયેલ છે, તેઓ 78 વર્ષની વયના હતા.

૧૭) 28 માર્ચ 2016 ના રોજ આંતરરાષ્ટ્રીય વિકાસ માટે અમેરિકી એજન્સી (યુ.એસ.એ.આઈ.ડી.)એ એશિયન ડેવલોપમેન્ટ બેંક સાથે સમજુતી કરાર કરેલ છે કે ભારતમાં 848 મિલિયન અમેરિકી ડોલરના ખર્ચે સોલાર પાર્ક વિકસિત કરી શકાય.

૧૮) 24 માર્ચ 2016 ના રોજ મિજોરમ રાજ્ય અને જાપાન ઇન્ટરનેશનલ કોઓપરેશન એજેન્સી વચ્ચે સતત કૃષિ અને સિંચાઈ વ્યવસ્થામાં વિકાસ કરવા માટે સમજુતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

૧૯) 27 માર્ચ 2016 ના રોજ ગુજરાત સરકારે ભારતનું પ્રથમ જૈવ કૃષિ વિશ્વવિદ્યાલય સ્થાપિત કરવાની જાહેરાત કરેલ છે.

૨૦) જૈવ કૃષિ વિશ્વવિદ્યાલય સ્થાપિત કરવા માટે આ વર્ષે રાજ્યના બજેટમાં 10 કરોડ રૂપિયાનું ફંડ ફાળવવામાં આવશે.

- **પરેશ ચાવડા**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com